MNE/413/2019-21

# વોઈસ ઓફ ઘાટકોપર




Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684

વર્ષ : 12 ● અંક : 17 ● સળંગ અંક : 452 ● મુંબઈ ● શુક્રવાર ● તા.17 મે – 23 મે 2019 ● પાના : 16 ● કિંમત રૂ.4

## ફોર્ટિસ હોસ્પિટલ મુલુંડમાં ૭૩ વર્ષના વૃધ્ધને એક્યુટ બ્રેઈન સ્ટ્રોક દરમ્યાન સ્ટેન્ટ બેસાડવાની સારવાર સફળતાપૂર્વક સંપન્ન

૨૨ એપ્રિલ, ૨૦૧૯નો દિવસ હતો. એ દિવસે મને ઈમરજન્સી ડીપાર્ટમેન્ટમાંથી ફોન આવ્યો કે એક ૭૩ વર્ષના પુરૂષને અચાનક જમણા હાથની ઉપર અને નીચેના ભાગમાં તેમજ ચહેરા પર વીકનેસ (અશક્તિ)ના લક્ષણો શરૂ થયાની ૪૫ મિનીટમાં જ બોલવામાં થોથવાઈ જવાની ફરિયાદ સાથે કેઝ્યુલ્ટીમાં દાખલ કરવામાં આવ્યો છે.

દર્દીના જ્ઞાનતંત્રની તપાસણી કરતાં જણાયું કે તે ભાનમાં હતો, આપેલી આજ્ઞાઓનું પાલન કરી શકતો હતો પરંતુ બોલી શકતો નહોતો, તેના ચહેરાના જમણા ભાગમાં અશક્તિ હતી અને જમણા હાથના ઉપર અને નીચેના ભાગમાં એટલી વીકનેસ હતી કે તે ભાગમાં બિલકુલ હલનચલન કરી શકતો નહોતો (ઝીરો પાવર).



દર્દીના એમઆરઆઈ દ્વારા જણાયું કે તેના મગજના ડાબા ભાગમાં લોહીની ગાંઠ (સ્ટ્રોક) છે.

દર્દી તેના ગોલ્ડન પીરિયડમાં હતો. ગોલ્ડન પીરિયડ એ એવો સમય છે જે દરમ્યાન આપેલી સારવાર શ્રેષ્ઠ અસર કરે છે. દર્દીને તરત જ નસ દ્વારા લોહીની ગાંઠને ઓગાળી નાખતી દવા અલ્ટેપ્લેઝ, જે સ્ટ્રોક આવવાના ૩ કલાકની અંદરના ગોલ્ડન પીરિયડમાં આપવાની હોય છે તે આપવામાં આવી. આ સારવારને મેડિકલ ભાષામાં આઈવી થ્રોમ્બોલીસિસ કહે છે.

આઈવી થ્રોમ્બોલીસિસ દરમ્યાન લોહીની ગાંઠ ઉપર તેની અસર થાય છે કે નહીં તે જાણવા માટે દર્દીના મગજનું સીટીસ્કેન કરવામાં આવ્યું જેના દ્વારા જાણવા મળ્યું કે ગાંઠને ઓગાળવાનું ઈન્જેક્શન આપ્યા છતાં મગજના ડાબા ભાગને લોહી પુરૂં પાડતી મહત્વની નસમાં હજી બ્લોકેજ હતું. આ ઉપરાંત દર્દીને હાઈ બ્લડ પ્રેશર, ડાયાબીટીસ અને હૃદયરોગની સમસ્યા પણ હતી જે આ કેસને અતિશય ગૂંચવણભર્યો અને ગંભીર બનાવતી હતી.

દર્દીના શરીરના જમણા ભાગમાં હલનચલન અને બોલી શકવાની અશક્તિના લક્ષણોમાં સુધારો ન થવાથી તેને ડીજીટલ સબ્સ્ટ્રેક્શન એન્જિયોગ્રાફી (DSA) કરવા માટે કેથેટરાઈઝેશન લેબોરેટરીમાં શિફ્ટ કરવામાં આવ્યો. કેઝ્યુલ્ટી વિભાગમાં આવ્યાના ૩ કલાકની અંદર દર્દીનું DSA કરવામાં આવ્યું.

DSA દ્વારા જાણવા મળ્યું કે તેના મગજના ડાબા ભાગને લોહી પુરૂં પાડતી મુખ્ય ધમની કે જે ઈન્ટરનલ કેરોટીડ આર્ટરી (ICA) તરીકે ઓળખાય છે તેમાં ગળામાં તેના ઉદ્‌ગમ સ્થાન પાસે સંપૂર્ણ બ્લોકેજ છે. જો એની સારવાર કરવામાં ન આવે તો એ લોહીની ગાંઠને લીધે નસ બ્લોક થઈ જવાથી મગજમાં સોજો આવી જવાને કારણે કાયમી લકવો કે મૃત્યુ થવાનું જોખમ હોય છે. ઈન્જેક્શન આપવા છતાં લોહીની ગાંઠ ઓગળતી ન હોવાથી તેને શોષી લેવા માટે સક્શન ડીવાઈસનો ઉપયોગ કરવો એ એકમાત્ર વિકલ્પ હતો.



**ડૉ. રાજેશ બેની**

દર્દીના કુટુંબીજનોને પરિસ્થિતિની જાણ કરીને સમજાવવામાં આવ્યું હતું કે સક્શન ડીવાઈસનો ઉપયોગ કરીને એ ગાંઠને ખેંચી કાઢી એ જીવલેણ બ્લોકને દૂર કરવો એ એકમાત્ર ઉપાય હતો.

સારવારને આગળ વધારતાં સક્શન ડીવાઈસનો ઉપયોગ કરી એ ગાંઠને શોષી કાઢવામાં આવી. ત્યારબાદ દર્દીના ડાબા ICA માં લોહીનો પ્રવાહ સામાન્ય થયો. જો કે રક્ત પ્રવાહ સામાન્ય થયા બાદ ૧૦ મિનીટ પછી કરવામાં આવેલી ચેક-એન્જિયોગ્રાફી દ્વારા જાણવા મળ્યું કે ડાબા ICAમાં રક્ત પ્રવાહ મંદ પડતો હતો અને ડાબા ICAમાં ફરીથી ગંભીર બ્લોક નિર્માણ પામ્યો હતો.

ICA માં રક્ત પ્રવાહ સામાન્ય થતો નહોતો તેથી બ્લોકની જગ્યાએ સ્ટેન્ટ બેસાડવાની અદ્યતન સારવારનું પ્લાનિંગ કરી ત્યાં સ્ટેન્ટ બેસાડવામાં આવ્યો. સ્ટેન્ટ બેસાડ્યા પછી કરવામાં આવેલી એન્જિયોગ્રાફી દ્વારા જાણવા મળ્યું કે ડાબા ICA માંથી મગજને મળતો લોહીનો પુરવઠો તદ્દન નોર્મલ થઈ ગયો છે.



DSA અને સ્ટેટિંગ કર્યા પછી દર્દીને આઈસીયુમાં શિફ્ટ કરવામાં આવ્યો અને ફરીથી તેને સંપૂર્ણ રીતે તપાસવામાં આવ્યો. તે હવે બરાબર બોલી શકતો હતો અને તેના જમણા હાથ અને પગ વ્યવસ્થિત રીતે હલનચલન કરી શકતા હતા.

હોસ્પિટલના કેઝ્યુલ્ટી વિભાગમાં દાખલ થવાથી લઈને સ્ટેન્ટ બેસાડવાની સંપૂર્ણ સારવાર ૪ કલાકથી પણ ઓછા સમયમાં પૂરી કરવામાં આવી હતી. સ્ટ્રોકની તીવ્રતા (એક્યુટ સ્ટ્રોક) દરમ્યાન જ સ્ટેન્ટ બેસાડવામાં આવ્યું એ આ સ્ટ્રોક મેનેજમેન્ટની વિશેષતા હતી જે વિશ્વમાં ભાગ્યે જ કરવામાં આવે છે.

ફોર્ટિસ હોસ્પિટલ મુલુંડ એ એક અતિ ગંભીર (ટર્શિઅરી) કેસોની આંતરરાષ્ટ્રીય ધોરણો પ્રમાણે સારવાર કરતી હોસ્પિટલ છે. અહીં ૨૪ કલાક ન્યુરોલોજિસ્ટ અને એડવાન્સ ન્યુરો ઈન્ટરવેન્શનીસ્ટ ઉપલબ્ધ છે જે આવા કોમ્પ્લીકેટેડ કેસની સફળતાપૂર્વક સારવાર આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસારની સમય મર્યાદાની અંદર રહીને કરી શકે છે.

હું જનસામાન્યને એક સંદેશ આપવા માગું છું કે જ્યારે પણ નીચેનામાંથી એક કે વધારે લક્ષણો દેખાય તો તરત હોસ્પિટલમાં પહોંચી જવું.

૧. શરીરનું અસંતુલન
૨. આંખમાં તફાવત
૩. ચેહરામાં તફાવત
૪. હાથમાં અશક્તિ
૫. અચાનક જીભનું થોથવાવું

Organisation Accredited by Joint Commission International
Mumbai and Banglore

PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
ACCREDITED

Mulund-Goregaon Link Road,
Mulund (W), Mumbai - 400 078.
Tel.: 022 4365 4365

Fortis

## નાસિકમાં ગુજરાતી વૈષ્ણવ સમાજ દ્વારા યુવક-યુવતીનું પાંચમું સંમેલન

નાસિકમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય સેવા ટ્રસ્ટ અને નાસિક કો. ઓપરેટિવ ક્રેડિટ સોયાયટીના સહયોગથી રવિવાર, તા.૨૩-૬-૨૦૧૯ના યુવક-યુવતીનો પાંચમા પરિચય મેળાનુ આયોજન થઈ રહ્યું છે. સમય : સવારે ૯ થી સાંજના ૫. સ્થળ : શ્રી સ્વામિનારાયણ બેન્કવેટ હોલ, નયા આડગાવ નાકા, મુંબઈ હાઈવે, પંચવટી, નાસિક-૪૨૨ ૦૦૩.

વધુ માહિતી માટે સંપર્ક : ૦૨૫૩-૨૫૧૧૦૩૨, ૯૮૩૪૫૩૪૨૮૮

## શ્રી સાંઈ સાર્વજનિક ટ્રસ્ટ

ઉપરોક્ત ટ્રસ્ટના ઉપક્રમે છેલ્લા ૨૪ વર્ષથી અંગ્રેજી માધ્યમના બાળકોને ગુજરાતી શીખવવાના નિ:શુલ્ક વર્ગો મે વેકેશનમાં ચાલે છે. ઘાટકોપરમાં ગુરુકુળ શાળા એલ.ટી.રોડમાં રોજ સવારે ૧૦ થી ૧૨ (સોમ-શુક્ર) ૨ થી ૩૧ મે ચાલે છે. આ વર્ગોની મુલાકાત લેવા વિનંતી. વધુ માહિતી માટે - ૯૩૨૦૦૧૬૧૦૪.

## ફાયર બ્રિગેડ તરફથી રાજવાડી હોસ્પિટલના સ્ટાફ અને સામાન્ય જનતાને ટ્રેઈનિંગ અને માર્ગદર્શન આપાયું




ઘાટકોપર-ઈસ્ટની રાજાવાડી હૉસ્પિટલના ડૉક્ટરો અને કર્મચારીઓને પણ ફાયર બ્રિગેડ તરફથી ટ્રેઈનિંગ આપવામાં આવી હતી. જેમાં હૉસ્પિટલમાં અચાનક આગ લાગે તો દરદીઓ સહિત હૉસ્પિટલના સ્ટાફને કેવી રીતે આગમાંથી બચાવીને બહાર લાવવા એનું ફાયર-બ્રિગેડ અધિકારીઓ તરફથી પ્રેક્ટિકલ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આગના બનાવ સમયે સુરક્ષાના તાત્કાલિક પગલાં લઈ શકે એના માટે ઘાટકોપરના રેલવે સ્ટેશન પાસે અગ્નિશમન વીક યોજાયેલ.

## પદ્મશ્રી ડૉ.આપ્પા સાહેબ ધર્માધિકારીના જન્મદિવસની વિશેષ ઉજવણી




પદ્મશ્રી ડૉ.આપ્પા સાહેબ ધર્માધિકારીની બર્વેનગર ખાતે વિશેષ હોર્ડીંગ પ્રતિમા બનાવી નિર્માણ કરી ૧૩ મે,ના રાત્રે વિશેષ વેશભુષામાં રહેલ વ્યક્તિઓએ શ્રદ્ધાંજલિ આપી હતી.

## કોઈ મનપર નથી લેતુ

### શબ્દોનું સ્પંદન



પ્રા. બિંદુ મહેતા

વિદ્યાર્થીઓ પાસેથી સમાજમાં ખાસ યુવાનોમાં શું ચાલી રહ્યું છે. તે જાણવું ઘણું સરળ પડે છ. હાલમાં છોકરીઓને નિર્ભય રીતે રોડ પર પાનના ગલ્લા પાસે સિગારેટ પીતા વારંવાર જોઈએ ત્યારે વિદ્યાર્થીનીઓ સાથે તે અંગે વાત કરતા વિદ્યાર્થીનીઓએ કહ્યું, મીસ આજકાલતો છોકરીઓ પણ બિન્દાસ દારૂ સિગારેટ પીએ છે. હવે તો કોઈ મન પર લેતુ નથી અને છોકરા પીએતો ચાલેને છોકરી પીએ તો કેમ ખરાબ ? છોકરા છોકરી બન્ને માટે નશો શારીરિક માનસિક ને સામાજિક રીતે ખરાબ છે. આના તલપથી તડપ સુધીના તબક્કા છે. જે વ્યક્તિની શક્તિ ને હણે છે. છોકરીઓ માટે તેણે ''મા'' બની પોતાના બાળકમાં સુસંસ્કારનું સીંચન કરવાનું છે. તેજ જો ગેરમાર્ગે વળે તો તેના બાળકો નવી પેઢી યુવી શક્તિ ખતમ થાય આ માટે પહેલી વારથી બચવું જોઈએ એકવાર આદત પડ્યા પછી કાઢવી મુશ્કેલ બને છે.

## ગુજરાતી ભાષી માઈનોરીટી સર્ટીફીકેટ આપશે રઘુ શક્તિ સેવા ટ્રસ્ટ (રજી.)

રઘુ શક્તિ સેવા ટ્રસ્ટ વિવિધ સમાજોપયોગી કાર્યો માટે અગ્રેસર છે.. માનનીય શ્રી ચેરીટી કમીશ્નર કાર્યાલય દ્વારા આ સંસ્થા રજીસ્ટર્ડ થયેલ છે. વિદ્યાર્થીઓને કોલેજ પ્રવેશમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. પ્રમાણિત સંસ્થા દ્વારા આપવામાં આવતું માઈનોરીટી સર્ટીફીકેટ એમાં કેટલેક અંશે ઉપયોગી નીવડે છે. ગુજરાતી ભાષી વિદ્યાર્થીઓને આ ''ગુજરાતી ભાષી- માઈનોરીટી સર્ટીફીકેટ'ની સગવડ ગુજરાતી ભાષી વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવી શકાય એવું પ્રમુખ શ્રી પંકજ ઠક્કર અને પદાધિકારીઓ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. છેલ્લે આપેલ પરીક્ષા (એસ.એસ.સી. કે તેથી ઉપર)ની પ્રાપ્ય રસીદની નકલ, આધારકાર્ડ ઝેરોક્ષ સાથે વિદ્યાર્થીની માહિતી આપતું સંસ્થાનું નાનું અરજી ફોર્મ ભરવાનુંરહેશે. ઈચ્છુક વિદ્યાર્થીઓ / વાલીઓ આ સંદર્ભે વધુ વિગત અને આ સર્ટીફીકેટ, સંસ્થાના કાર્યાલય (આનંદ કલાસીસ, ૧૮-ગાયત્રી કૃપા બીલ્ડીંગ (ગ્રાઉન્ડ ફ્લોર), પોલીસ સ્ટેશનની સામે, નેતાજી સુભાષ રોડ, મુલુંડ- પશ્ચિમ, મુંબઈ- ૪૦૦૦૮૦,મો.૯૮૯૨૦૦૬૬૨૮/, સમય સાંજે ૬-૩૦ થી ૮- ૦૦,રવિવાર સિવાય)માંથી મેળવી શકશે.

સંપર્ક સૂત્રો- ટ્રસ્ટી-શ્રી લાલજી સર (૮૧૬૯ ૩૧૧ ૭૮૮,) માનદ્ મંત્રીઓ- શ્રી નીલેશ તન્ના ૯૮૬૭૫૨૩૫૧૪ અને શ્રી ધવલ ઠક્કર ૮૭૭૯૪૭૬૮૦૧

## પ્રજાપતિ બ્રહ્મકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય તરફથી એક ધર્મ એક પ્રભુ સંદેશ

પ્રજાપ્રતિ બ્રહ્મકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલ તરફથી એક ધર્મ એક પ્રભુ સંદેશ મુલુંડ શહેરમાં ઈસ્ટ, વેસ્ટ નગર સ્કુલ કોલેજ, મંદિર જૈન ધર્મસ્થાનક, સોસાયટી, ગરીબ વસ્તીના રહેઠાણ ગાર્ડન લાયન્સ કલબ રોટરી કલબ તથા પ્રત્યેક મુખ્ય માર્ગો પર શિવજયંતિ સંદેશ તથા પ્રદર્શની અર્થાત વૈશ્વીક જ્ઞાનોધ્ય દ્વારા સ્વર્ણીમ યુગની સ્થાપના વિશે જાણકારી આપતુ આધ્યાત્મિક જ્ઞાનની જાણકારી માટે એક વિશેષ કાર્યક્રમ શિવ સંદેશ આધ્યાત્મિક જ્ઞાન પ્રસાર મુલુંડની જનતા માટે નવી વિચાર સરણી પ્રમાણે બ્રહ્મકુમારી સંસ્થા ૮૩ વર્ષની એકતા તથા શાંતિનો સંદેશ આપતો તહેવાર ઉજવે છે ને દેશમાં શાંતી તથા એકતાનો ભાવ બનાવવાના પ્રયત્ન કરે છે. ૮૩ મી શિવજયંતી નિમિત્તે મુલુંડ જનતા માટે કાર્યક્રમ ૮૩ દિવસથી ચાલી રહેલો ગઈ કાલે તા. ૫-૫-૨૦૧૯ના રોજ સમાપ્ત કરેલ છે. જેમાં મુલુંડના વ્યાપારી વર્ગ જાહેર જનતા તથા પ્રત્યેક ધર્મ સ્થાનકો એ ઉત્સાહ પૂર્વક સહયોગ આપેલ તેના માટે બ્ર.કુ. સંસ્થા મુલુંડ જનતાનો આભાર માને છે. જેમાં હજારો લોકોએ લીધેલ તથા સ્થાનીય સેવા કેન્દ્ર પર ઈશ્વરીય જ્ઞાન તથા રાજયોગ મેડિટેશનનો અભ્યાસ કરવા સારી સંખ્યામાં લાભ લેવા આવે છે. અને જીવનમાં માનસિક શાંતી તથા આનંદ પ્રાપ્ત કરે છે. સ્થાનીય સેવા કેન્દ્ર શિવ વરદાની ભવન આર.પી. રોડ, જવાહર ટોકીઝની બાજુમાં મુલુંડ (વેસ્ટ), મુખ્ય સંચાલિક, આદરણીય રાજયોગીની. સંપર્ક - ૯૮૬૯૧૨૫૫૩૦ ગોદાવરી દીદી (મુલુંડ ઝોન) ૯૯૮૭૯૫૬૦૯૨ પ્રેષક બ્ર.કુ.પ્રત્રકાર તરૂલતા દફતરી.

## મુલુંડથી રાજકોટ એસ.ટી. વોલ્વો એસી સ્લીપર બસનો શુભારંભ

મુલુંડવાસીઓ માટે ગુજરાત એસ.ટી.ની મુલુંડથી રાજકોટ જવા-આવવા માટે વોલ્વો એસી સ્લીપર બસનો શુભારંભ શનિવાર તા. ૧૧-૫-૨૦૧૯ના સાંજના ૭.૦૦ કલાકથી થયો છે. વિવિધ સમાજના મહાનુભાવોની ઉપસ્થિતિમાં ગુજરાત એસ.ટી.સ્ટેન્ડ, શ્રી બાળરાજેશ્વર મહાદેવ મંદિરની પાછળ, બી.આર.રોડ, પેટ્રોલ પંપની સામે મુલુંડ(વેસ્ટ), મુંબઈવાસીઓ માટે આશિર્વાદરૂપ આ બસ સેવાને મનોજભાઈ કોટકે શુભેચ્છા પાઠવી છે.

દરરોજ સાંજના ૭ વાગ્યે બસ ઉપડીને બીજા દિવસે સવારના ૯ કલાકે રાજકોટ પહોંચશે. રીટર્ન મુસાફરીમાં રાજકોટથી આ બસ-સેવા સાંજના ૪.૩૦ કલાકે શરૂ થઈને બીજા દિવસે સવારે ૭ વાગે મુલુંડ આવી પહોંચશે. મુલુંડથી રાજકોટનું ભાડું રૂા. ૧૪૮૬/- છે. મુલુંડથી રાજકોટ વાયા વાપી, વલસાડ, નવસારી, સુરત, વડોદરા, નડિયાદ, ખેડા, ધોળકા, લીંબડી હાઈવે, ચોટીલા હાઈવે થઈને રાજકોટ પહોંચશે.

## CONGRATULATIONS SSC - CBSE / ICSE STUDENTS


K SAI HRITHIK GARGESH
92.5%


SHAILJA BAGLA
86%

## ઘાટકોપરમાં વિવિધ સ્થળે ઝાડ પર લગાડેલ બેનરોથી ઝાડને બચાવો




ઘાટકોપરના કેતન ગડા દ્વારા વોઈસ ઓફ ઘાટકોપરને ઝાડ પર સ્ટેપલર મારી ઝાડને હાની પહોંચાડતી જાહેરાતો અંગે ધ્યાન દોરતો ફોટો મોકલવામાં આવ્યો હતો અને ઝાડને આવી જાહેરાતોના મારાથી નુકશાન થતુ અટકાવવા મનપાએ પગલા લેવાની વાત કહી હતી.

# ડૉ. સ્નેહ દેસાઈના 'ચેન્જ યોર લાઈફ' સેમીનારમાં જોડાવવા જાણીતા મેકઅપ આર્ટિસ્ટ અર્ચના હરિયાની અપીલ

વર્ષોથી ડૉ.સ્નેહ દેસાઈ સાથે વિવિધ સેમીનારો દ્વારા સંકળાયેલ ઘાટકોપરના જાણિતા મેકઅપ આર્ટિસ્ટ અર્ચના હરિયાએ મંગળવાર તા. ૩૦ જુલાઈના હોટલ ટીપટોપ પ્લાઝા ખાતે આયોજીત 'ચેન્જ યોર લાઈફ'એ વિષય પર ડૉ. સ્નેહ દેસાઈના વિશેષ સેમીનારમાં જોડાવા અનેક લોકોને પ્રેરીત કરી રહ્યાં છે.

આ સેમિનારમાં ૧૧ વર્ષથી ૧૧૧ વર્ષના વ્યક્તિઓ જોડાઈ શકે છે સેમિનાર હિન્દીમાં રહેશે જેમાં બ્રેકફાસ્ટ, લન્ચ, રીફ્રેશમેન્ટ અને મટિરીયલ સામેલ છે. તાજેતરમાં ગ્લોબલ દીવાઝના મનીષા ભદ્રા, ખ્યાતી લાખાણી, ગુડ્ડી ઠક્કર, વૈશાલી કારાણી, હેતલ શાહ, સિંજલ કોઠારી તથા નિહારીકા શાહ, ગોપી મહેતા, જતીન કોઠારી, રાજ લાખાણી સહિત અનેક લોકોને બોલાવી વિશેષ મિટીંગનું આયોજન તેમણે કર્યુ હતું અને વધુને વધુ લોકોને આ સેમીનારમાં જોડાવવા અપીલ કરી હતી. વધુ માહિતી માટે તથા આ સેમીનારમાં જોડાવવા માટે ૯૮૨૦૨૪૭૦૦૯.













Accredited By
USA INDIA

"મારી કરોડરજ્જુની સમસ્યાઓને કારણે મારી રોજબરોજની જિંદગી મારા માટે પડકારરૂપ બની ગઇ હતી. પરંતુ આભાર વોક્હાર્ટનો, હવે રાબેતાની સક્રિય જિંદગી જીવવા માટે મારામાં રબીતા મુજબ આવી ગયો છે."

ભરોસો છે વોક્હાર્ટની
કૉમ્પ્રેહેન્સિવ સ્પાઇન કેર પર

વોક્હાર્ટ છે. ભરોસો છે.

વોકહાર્ટ હોસ્પિટલના સુપર સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો જાગૃતિ ક્લિનિક, ઘાટકોપર ખાતે કન્સલ્ટેશન માટે ઉપલબ્ધ છે.

અપોઇન્ટમેન્ટ માટે
98217 09189 75066 85955

NEW AGE WOCKHARDT HOSPITALS | LIFE WINS
મુંબઇ સેન્ટ્રલ

www.wockhardthospitals.com

૧૮૭૭, ડૉ. આનંદ રાવ નાયર માર્ગ, મુંબઇ સેન્ટ્રલ (પૂ), મુંબઇ -૪૦૦ ૦૧૧

# ક્રિકેટના મેદાનનો રાજા - રાજેશ સોની





**મળવા જેવા માણસ...**



- દિલાવર નાઈકવાડી
Mo.: 9322237670
લેખન - અલ્પા દિલાવર

ક્રિકેટ કોચ, ઓલરાઉન્ડર બોલર, ક્રિકેટના સર જેવા ઉપનામોથી ઓળખતા રાજેશ સર 'વિલો માસ્ટર્સ' કંપનીનાં ઓનર એમ.ડી. ભાટિયા સ્કૂલમાં ૧૦ વર્ષથી ઉપરના વિદ્યાર્થીઓને ક્રિકેટ કોચીંગ આપતા, જોલી જીમખાનામાં સમર કેમ્પમાં કોચીંગ આપતા, ગારોડિયા ઈન્ટરનેશનલ સ્કૂલમાં વિદ્યાર્થીઓના કેડીઓને કોચીંગ આપતા **રાજેશ અરૂણભાઈ સોની.**

કચ્છ માંડવી તાલુકાનાં, કચ્છી પરજિયા પટ્ટણી સોની જ્ઞાતિનાં સંધ્યાબેન અને અરૂણભાઈનો નાનો પુત્ર, રાજેશ સોની રામજી આસર સ્કૂલથી સ્કૂલીંગ બાદ ગુરૂકુળ કોલેજથી કોમર્સમાં ગ્રેજ્યુએશન કરેલ છે. પોતે સારાએવા ક્રિકેટર છે. ખૂબ જ સરસ રમી જાણે છે. રમાડી પણ જાણે છે અને બેટનું મોડીફીકેશન અને રીપેરીંગ પણ કરે છે. ૨૦૦૯માં રાજેશ સરે બારમા ધોરણની પરીક્ષા આપી પછી ઉબેદ પેનકર સર સાથે તરત જ ક્રિકેટ કોચિંગ સ્ટાર્ટ કર્યુ. એમ.ડી.ભાટિયા સ્કૂલનાં વિદ્યાર્થીઓને ક્રિકેટ રમતા શીખવાડે છે. પેનકર સર પાસેથી નાનામાં નાની વિગતો જાણી, શીખીને ક્રિકેટ હાલમાં રાજેશ સર શીખવાડે છે. વિદ્યાર્થીઓને ઓક્ટોબરથી ફેબ્રુઆરી સુધી જોલી જીમખાનામાં ક્રિકેટ કોચીંગ કરાવે છે. ગારોડિયા સ્કૂલના વિદ્યાર્થીઓનાં ડેડીઓને છેલ્લા બે વર્ષથી ક્રિકેટ કોચીંગ જોલીમાં કરે છે. રાજેશ સરે ઘાટકોપર વાગડ સમાજની ગર્લસ ટીમને બે વર્ષ કોચીંગ આપેલું સૂવર્ણ સરિતા જેમ્સ પ્રાઈવેટ ફાર્મ, બોમ્બે બુલયન એસોશિયેશનની મેન્સટીમને કોચિંગ આપેલું, બાર ટીમ માંથી તેઓ ત્રીજી પોઝિશનનાં હતા. ગોલ્ડન વિંગસ ક્રિકેટ ક્લબ, બધા મિત્રોએ મળીને શરૂઆત કરેલી. તેમાં યંગસ્ટર્સને ક્યાંય રમવા ન મળતુ હોય તેમને ગાઈડ કરીને મેચીસ રમાડે છે. પહેલા ગર્લસ ટીમ પણ હતી. રાજેશ સરે જેમને કોચ કરેલ તેમાંથી બે યંગ બોયસ અંડર ૧૯માં મુંબઈવતી રમે છે અને એક ગર્લ મહારાષ્ટ્રને રીપ્રેઝન્ટ કરે છે. અંડર ૨૩ એક બોય મુંબઈને રીપ્રેઝેન્ટ કરે છે.

રાજેશસોનીએ સાતમા ધોરણથી ક્રિકેટર રમવાનું શરૂ કરેલું. પછી સ્કૂલની ટીમમાં કેપ્ટન કોલેજની ટીમમાં પણ કેપ્ટન તરીકે રીપ્રેઝન્ટ કર્યા. આઠ વર્ષથી જોલીની સીનીયર ટીમમાં રમે છે. જોલીમાં ઓલરાઉન્ડર, બેસ્ટ ફીલ્ટર તરીકેનો એવોર્ડ મળેલો છે. રાજેશ સર માટે ગોલ્ડન મોમેન્ટ, જ્યારે વાનખેડે સ્ટેડિયમમાં ટ્રોફી જીતેલા, ૨૦૧૮માં જોલી માટે રમેલા રાજેશ સોની ક્રિકેટ ઈક્વીપમેન્ટસ, બેટ મોડીફીકેશન અને રીપેરીંગ કરે છે. ક્રિકેટ ઈવેન્ટસ પણ કરે છે.

રાજેશ સર આજે જે છે તે પોતાના મમ્મી-પપ્પાનાં આર્શીવાદને લીધે જ છે. તેમણે પોતાનો શોખ પોતાના પ્રોફેશન તરીકે કર્યો.






## ઘાટકોપર વેસ્ટ કામા લેન ખાતે ટ્રાફિક-વૉર્ડન તરીકે સેવા આપી રહેલા વીરેન્દ્ર વઢવાણા



ઘાટકોપર-વેસ્ટની કામા લેનમાં છેલ્લાં એકવીસ વર્ષથી સમાજસેવાના ઉદ્દેશથી ટ્રાફિક-વૉર્ડનની સેવા આપતા વીરેન્દ્ર વઢવાણાને આજે ઘાટકોપરના અનેક લોકો ટ્રાફિક ઓફિસર તરીકે જ ઓળખે છે.

કામા લેનના રહેવાસી વીરેન્દ્ર વઢવાણા લેડીઝ ટેલર હતા. જોકે કામા લેનનો ટ્રાફિક જોઈને તે વર્ષો પહેલા મુલુંડની દુકાને જવાને બદલે મહાત્મા ગાંધી રોડ પર ટ્રાફિક નિયંત્રણ કરતા ઊભો રહી જતા હતા. સવારે ટ્રાફિકમાં સેવા આપીને તે બપોરે તેમની દુકાને જતા હતા, પરંતુ ધીરે ધીરે તેમનો રસ ટ્રાફિક-વિભાગને સેવા આપવામાં વધતો ગયો હતો.

છેલ્લાં એકવીસ વર્ષમાં વીરેન્દ્રને અનેક પોલીસ-ઓફિસરો શાબાશી આપીને ગયા છે. ટ્રાફિક-વિભાગથી લઈને ઘાટકોપર પોલીસ સુધીના બધા જ પોલીસ-અધિકારીઓના હૃદયમાં વીરેન્દ્રએ સ્થાન મેળવ્યું હતું. ૨૦૧૬માં ઘાટકોપર પોલિસ તરફથી વિરેન્દ્રનું સન્માન ડેપ્યુટી પોલીસ કમીશ્નર સચીન પાટીલના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. એટલું નહીં, કામા લેનમાંથી પસાર થતા અનેક કાર-ડ્રાઈવરો વીરેન્દ્રના કામની તારીફ કરતા થાકતા નથી. આ જ કારણે ટ્રાફિક વિભાગે વીરેન્દ્રને પોલીસનો યુનિફાર્મ પહેરવાની છૂટ આપી છે.

## ઘાટકોપર પંતનગર ખાતે આવેલ સંભાજી ચોક પર છત્રપતિ સંભાજી જયંતિની ઉજવણી

ઘાટકોપર પૂર્વ પંતનગર ખાતે આવેલ સંભાજી ચોક પર શિવસેના ઉપવિભાગ પ્રમુખ ચંદ્રપાલ ચંદેલીયા, પ્રકાશ વાણી, સચીન ભાંગે, સંદેશ પેવેકર, ભાર્ગવ કદમ વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં છત્રપતિ સંભાજી મહારાજના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.



# સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેતાં પ્રથમ જૈન સંત પૂ.પારસમુનિ મ.સા.

ગોંડલ સંપ્રદાયના જગદીશમુનિ મ.સા.ના સુશિષ્ય પારસમુનિ મ.સા. ગોંડલ સંપ્રદાયના ગાદી ઉપાશ્રય ગોંડલ મધ્યે ચાતુર્માસ પધારી રહ્યાં છે. ત્યારે વિહારયાત્રામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી જે વર્લ્ડ લાજેસ્ટ સ્ટેચ્યુ છે તે સરદાર સરોવર ડેમ પર ગયેલ સરદાર પટેલની રાષ્ટ્રભક્તિ, નેતૃત્વ શક્તિ, કર્મઠતા અને કર્તવ્યનિષ્ઠા અભિવંદનીય હતી તેમ જણાવેલ.

સ્ટેચ્યુ ઓફ યુનિટી પર ડેપ્યુટી કલેક્ટર પટેલ તથા મામલદાર ગજ્જર વગેરેની મુલાકાત લીધેલ. સ્ટેચ્યુ ઓફ યુનિટી પર જનાર પ્રથમ જૈન સંત પૂ.પારસમુનિ મ.સાહેબ જણાવેલ કે સંસ્કૃતિ અને સભ્યતાનું સંરક્ષણ દિવ્ય કલાકૃતિ અને ભારતીય સંસ્કાર અને રાષ્ટ્રપ્રેમની લાગણી આ સ્થાને પ્રગટ થાય છે.







## શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાગ્રુપ(પાલિતાણા) પ્રોગ્રામ નં.૨

થાણા, પડઘા, શાહપુર યાત્રા રાખેલ છે. વૈશાખ સુદ પૂનમને શનિવાર, તા.૧૮ મે, જે બહેનોએ નામ લખાવેલ છે તેમને સવારે ૫.૧૫ કલાકે ઝવેર રોડ દેરાસર પાસે આવી જવું. સવારે ૫.૩૦ કલાકે બસ ઉપડી જશે. ખાસ નોંધ - કાર્ડ લાવવું જરૂરી છે. સંપર્ક - ૯૮૯૨૫ ૭૮૨૪૪, ૯૯૩૦૨ ૧૭૦૯૨.

**વોઈસ ઓફ ઘાટકોપરમાં**
**સ્પેશીયલ ફીચર**
**માટે સંપર્ક - સીંજલ કોઠારી**
**8655185667**

**પંચગીની**

કુદરતના સૌદર્યમાં વસેલુ મહારાષ્ટ્રનું સૌથી ખુબસુરત હિલ સ્ટેશન પંચગીનીમાં રહેવા ૩ થી ૬ બેડરૂમના સ્વતંત્ર બંગલા ભાડે મળશે. ૩ બેડરૂમનો બંગલો વેલી વ્યુ સાથે સ્વીમીંગપુલ, ૬ બેડરૂમનોબંગલો સ્વીમીંગ પુલ સાથે એસી, કેરટેકર, કીચન ભાડે મળશે. બુકીંગ માટે સંપર્ક : **હર્ષલ વીરા - 07507300343, 09987406440**

**મુંબઈ-મહાબળેશ્વર-મુંબઈ**

મુંબઈથી એસી બસ દ્વારા જવાનું, આવવાનું, બ્રેકફાસ્ટ, લંચ, ડીનર સાથે પંચગીની, મહાબળેશ્વર સાઈટ સીન, પેકેજ ટુર માટે. પેકેજ - મહાબળેશ્વર પેલેસ 2N રૂા.૭૮૫૦, 3N રૂા.૧૦૧૦૦, નેચર રીસોર્ટ 2N રૂા.૯૯૦૦, 3N રૂા.૧૩૨૦૦, ભારત 2N રૂા.૧૦૭૫૦, 3N રૂા.૧૪૧૦૦. સંપર્ક : **હર્ષલ વીરા - 07507300343 09987406440**



**|| શ્રી નાગેશ્વર પાર્શ્વનાથાય નમ: ||**

ભાવભર્યું આમંત્રણ

આત્મપ્રિય શ્રાવકો/શ્રાવિકા ઓ, જયજીનેન્દ્ર. સુવર્ણજડિત વીંટી માં જેમ હીરો શોભે તેમ જૈન તીર્થોમાં શ્રી ગાર્ડનલેન નાગેશ્વર પાર્શ્વનાથ જિનાલય શોભે છે. આ તીર્થ પવિત્ર અને પ્રસિદ્ધ છે. પ્રેમ અને ભક્તિ થી સેવેલા મનોરથ દાદા પૂર્ણ કરે છે .જુદી જુદી નદી ઓ ના નીર સાગર તરફ વહે તેમ ભકતજનોનો પ્રવાહ આ તીર્થ તરફ સહજ વહે છે.

દૂર...સુદૂર થી ભક્તો વિશાળ સમુદાય માં અહીં પૂનમ ભરવા આવે છે. આપ સૌને પણ નેહ નિમંત્રણ છે......જીવતર ના ઉત્સવ ને મહોત્સવ બનાવો. પૂ.દાદા ની કૃપા પામવા લાભાન્વિત થવાનું."આતિથ્ય અને આયોજન અમારૂ..

શુભ આગમન આપનું.....!

સ્થળ: નાગેશ્વર પાર્શ્વનાથ જિનાલય, ગાર્ડન લેન., સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર વેસ્ટ.

વૈશાખ : ૧૮/૦૫/૨૦૧૯ ,શનિવાર
ભાતાના લાભાર્થી પરિવાર
માતુશ્રી કન્યાબેન થાનમલજી ભુતાજી ગામ દેસુરી (રાજસ્થાન)

તા.ક. સ્ટેશન (વેલકમ હોટલ)
થી જિનાલય સુધીની
રીક્ષા વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**I AM NEW GHATKOPAR**

be the change... see the change...



**બળબળતા તાપમાં, ગરમીનાં દિવસોમાં**

પક્ષીઓ માટે કુંડામાં ભરેલ પાણી સહાય રૂપ બને છે. તેમની તરસ તૃપ્ત થાય છે. તેવા આશયથી ટીમ આઈ.એમ.ન્યુ ઘાટકોપર દ્વારા દાતાઓનાં વિશેષ સહયોગથી

**કુંડા વિતરણ શરૂ છે**
**મેળવવા માટે સંપર્ક કરો**



**સ્થળ : વોઈસ ઓફ ઘાટકોપર**
એ-૧, સત્યમ શોપીંગ સેન્ટર બેઝમેન્ટ, નિવારણની સામે,
એમ.જી.રોડ, ઘાટકોપર(ઈસ્ટ). ફોન - ૦૨૨-૪૦૨૨૯૬૮૪

જતીન કોઠારી | નિહારીકા શાહ | રાજેશ ઠક્કર | દિલાવર નાઈકવાડી

# અર્હમ યુવા સેવા ગ્રુપ જનરેશન નેક્સ્ટ દ્વારા છાસ વિતરણ






અર્હમ યુવા સેવા ગ્રુપ જનરેશન નેક્સ્ટ દ્વારા ઘાટકોપર ઈસ્ટ રેલ્વે સ્ટેશન ખાતે ફુટ ઓવર બ્રીજ નીચે રવિવાર, તા.૧૨મે ના ૮૦૦ લોકોને છાસ વિતરણ કરવામાં આવેલ. અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા સંપૂર્ણ ભારતના અનેક સેન્ટરોમાં આ પ્રવૃત્તિ ચાલી રહી છે.

# ગ્લોબલ દીવાઝ દ્વારા 'મધર્સ ડે'ની વૃદ્ધાશ્રમમાં ઉજવણી







ગ્લોબલ દીવાઝના મનીષા ભદ્રા, ખ્યાતી લાખાણી, ગુડ્ડી ઠક્કર દ્વારા 'મધર્સ ડે'ની ખારડી ખાતે આવેલ જીવન માંગલ્ય વૃદ્ધાશ્રમ ખાતે ઉજવણી કરેલ.

# જુનાગઢ વણિક મિત્ર મંડળ મુંબઈનું ૨૮મુ વાર્ષિક સ્નેહમિલન



મુંબઈ ખાતે સ્થાયી થયેલા જુનાગઢ તથા તેના આસપાસના ગામોના જૈન તથા વણીક કુટુંબોનું મંડળ મુંબઈ ખાતે ૨૮ વર્ષથી કાર્યશીલ છે. મંડળ સભ્યો માટે દર વર્ષે જુન મહિનાના પહેલા રવિવારે માધવબાગ ઘાટકોપર ખાતે આખા દિવસનું સંમેલન યોજે છે. પ્રમુખશ્રી દિનેશભાઈ કોઠારી તથા મંત્રીશ્રી હરેશ અવલાણી ૨૮ વર્ષથી સક્રિય છે. મંડળ દર વર્ષે મેમ્બરો માટે નોટબુક વિતરણ, ઈનામ વિતરણ, તપસ્વી બહુમાન મનોરંજન પ્રોગ્રામ લંચ-ડીનરનું આયોજન કરે છે.

૨૦૧૯નું સંમેલન ૨ જુનના યોજાશે. માતુશ્રી મુક્તાબેન વસંતરાય મીઠાણી પરિવાર પ્રેરિત છે. જેમાં મુખ્ય મહેમાન હર્ષ પ્રકાશ મહેતા, અતુલ ચીમનલાલ કામદાર, મુકેશ પ્રભુદાસ અવલાણી અને સમારંભ પ્રમુખ સુરેશભાઈ લાખાણી ઊપસ્થિત રહેશે. વધુ માહિતી માટે હરેશ અવલાણી-૯૮૨૧૦૦૬૨૨૩ ઉપર સંપર્ક સાધવા વિનંતી.

# રામજી આસર વિદ્યાલય સંચાલિત લક્ષ્મીચંદ ગોળવાલા કોલેજમાં ઈનડાઈરેક્ટ ટેક્સ (GST) ઉપર શોર્ટ ટર્મ કોર્સની શરૂઆત





પ્રત્યેક વર્ષે મુંબઈ વિદ્યાપીઠમાંથી કોમર્સ સ્ટ્રીમમાં હજારો વિદ્યાર્થી ઓની ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટની ડીગ્રી મેળવે છે. ડીગ્રી મેળવવાના તુરંત બાદ નોકરી માટે પહેલ કરે છે. પણ જોઈએ તેવી નોકરી મળતી નથી જોબ માર્કેટની ડીમાન્ડ કોલેજીસ પુરી કરી શક્તી નથી. વિદ્યાર્થીઓને પુરતું કૌશલ્ય અને ગુણવતા બી.કોમ પ્રોગ્રામમાં મળતુ નથી. વિદ્યાર્થીઓની રોજગાર ક્ષમતા વધારવા માટે તેમજ તેમને જોઈતી તક મળે એ માટે તૈયાર કરવા માટે રામજી આસર વિદ્યાલયમાં ઈનડાઈરેક્ટ ટેક્સ (GST) નો શોર્ટ ટર્મ કોર્સ શુરૂ કરવામા આવ્યો છે.

(અનુસંધાન ૧૨માં પાને)

# ભાજપા રાષ્ટ્રિય અધ્યક્ષ અમિત શાહ પર થયેલ હુમલાનો વિરોધ




ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પર થયેલ હુમલાનો વિરોધ તાજેતરમાં મુંબઈ ખાતે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓએ કર્યો હતો. કેબિનેટ મિનીસ્ટર પ્રકાશ મહેતા આ જાહેર નિષેધ કરી રહેલા આંદોલનમાં કાર્યકર્તાઓ સાથે જોડાઈ વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

# ‘‘સર્વપૂજા’’

## WORLD'S FIRST RITES KIT




પ્રત્યેક મનુષ્ય માટે એક જ વાત સુનિશ્ચિત છે અને તે છે મૃત્યુ. જી હા. જે દિવસે મનુષ્ય આ વિશ્વમાં આવી પ્રથમ શ્વાસ લે છે તેજ દિવસે તેના માટે આ વાત-મૃત્યુ-નક્કી થઈ ગઈ હોય છે. પછી તે તેના કર્મો, નસીબ વગેરે જે કઈ કહો તેથી કેટલા વર્ષ પછી તે અલગ વાત છે.

હાલ આપણે એકવીસમા સદીમાં પણ મૃતદેહને અગ્નિ દાહ આપીયે છીએ. છેલ્લા ૫૦ થી ૬૦ વર્ષ પર નજર કરીએ તો એક વસ્તુ ધ્યાન પર આવે છે કે નાના મોટા શહેરોમાં લોકો પાસે નનામી બાંધવાનો સમય નથી યા તો આવડત નથી. વર્તમાન જીવનશૈલી પ્રમાણે નનામીનો બધોજ સામન એક સાથે, એક જ સમયે, એક જ જગ્યાએથી મળી જાય( All Under One Roof) તે ઘણું આવશ્યક છે.

આ વિષય પર ઊંડો વિચાર કરી, સંશોધન કરી અને દરેકને ઉપયોગમાં આવી શકે તેની કીટ બે નવયુવાન ભાઈઓ નિતેશભાઈ મહેતા તથા હિતેનભાઈ ધ્રુવે બનાવી છે. નિતેશભાઈએ પંદર વર્ષનો અમેરિકાનો અને હિતેનભાઈએ અગિયાર વર્ષનો સિંગાપોરનો અનુભવ વાપરીને આ શોધ કરેલ છે. આ કીટનું નામ રાખેલ છે. ‘‘સર્વપૂજા’’ World's First Rites Kit.

આ કીટમાં ફોલ્ડિંગ કરેલી, વિશ્વના ઉત્તમ બામ્બુના નિષ્ણાત અને ડિઝાઈનરોએ - ૧૦૦ ટકા બામ્બુમાંથી બનાવેલી નનામી (stretcher) છે. સહુની ધાર્મિક લાગણીઓને ધ્યાનમાં રાખીને ક્યાંય પણ ધાતુ (મેટલ) પ્લાસ્ટિક, મિશ્ર ધાતુ (એલોય), ફેવિકોલ વગેરે વસ્તુઓનો બિલકુલ વપરાશ કરેલ નથી. આ નનામી ૧૫૦ કિલો સુધી વજન ધરાવતી, ૬ થી સવા ૬ ફૂટ સુધીની ઊંચાઈ ધરાવતી મૃત વ્યક્તિ માટે યોગ્ય છે. આ નનામીની સાથે અંતિમ સંસ્કાર કરવા માટે નાની મોટી ૩૮ થી વધુ ચીજ વસ્તુઓ, જેવી કે નાની મોટી માટલોઓ, કોડિયાઓ, ૫ મીટપ સફેદ કાપડ, શઆલ, ચટાઈ, અબીલ, ગુલાબ, હળદર, કંકુ, ચોખા, ગાયના છાણામાંથી બનાવેલા છાણા, ગુલાબજળ, ગંગાજળ વગેરે વગેરે પણ ઉપલબદ્ધ છે. આ સર્વે વસ્તુઓ એક ૨ ફૂટ ડ ૨ ફૂટ સાઈઝના બોક્સમાં સુંદર રીતે પેક કરીને આપવામાં આવે છે. આ કીટ વજન માં હળવી અને એક વ્યક્તિ દ્વારા આસાનીથી એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય છે.

આ કીટ આબાસ વૃદ્ધ, પુરુષ, સ્ત્રી વગેરે દરેક માટે વાપરી શકાય છે. એટલું જ નહીં પણ સમાજના પ્રત્યેક જાતિ, ધર્મ, વર્ગ જેમ કે ગુજરાતી, મરાઠી, જૈન, બંગાળી, ઉત્તર તથા દક્ષિણ ભારતીય સંસ્કૃતિ ધરાવનાર વ્યક્તિ પણ સરળતાથી વાપરી શકે છે.

આ કીટ ટૂંક સમયમાં જ સમગ્ર ભારતના નાના મોટા શહેરોમાં ઉપલબ્ધ થશે. તે ઉપરાંત વિદેશમાં પણ જ્યાં એન.આર.આઈ. ભારતીયો કે જે તેમના સગા સંબંધીની અંતિમ ક્રિયા આપણા રિત રિવાજ પ્રમાણે કરવાની ઈચ્છા રાખે છે. તેમને પણ આ કીટ ઉપલબ્ધ થશે.

## ચંદ્રેશ પારેખની કલમે....



## એક હૃદયસ્પર્શી વાર્તા

એક પિતાએ એની લાડકવાયી દીકરીની સગાઇ કરી. છોકરો ખુબ સારો અને સંસ્કારી હતો એટલે છોકરીનાં પિતા ખૂબ ખુશ હતા. વેવાઈ પણ માણસાઈવાળા હતા એટલે છોકરીના પિતાને માથા પરથી મોટો બોજો ઉતરી ગયો હોયએવી હળવાશ અનુભવતા હતા.

એક દિવસ છોકરીના સાસરિયાં વાળાએ વેવાઈને જમવા માટે તેડાવ્યા. તબિયત સારી ના હોવા છતાં છોકરીના પિતા એમના નવા વેવાઈના મહેમાન બન્યા. દીકરીના સાસરિયામાં એમને આદર સાથે આવકાર આપવામાં આવ્યો. વેવાઈ માટે ચા આવી. ડાયાબિટીસ હોવાથી ડોક્ટરેખુબ સાવચેતી રાખવાનું કહેલું અને ખાંડવાલી ચા પીવાથી મનાઈ કરેલી પણનવા સંબંધીને ખોટું ના લાગે એટલે ચા લઈ લીધી. ચાની પહેલી ચૂસકી મારી તો બિલકુલ ઘર જેવી જ ચા હતી. ખાંડ વગરનીઅને ઈલાયચી નાંખેલી. છોકરીના પિતાને થયું મારા ટેસ્ટની આ લોકોને કેમ ખબર હશે ? બપોરે જમવા બેઠા ત્યારે પણ બધી જ રસોઈ ડોકટરે જેવી સલાહ આપી હતી તે મુજબની જ હતી. બપોરની આરામની વ્યવસ્થા, ઉઠીને તુરંત વરિયાળીનું પાણી બધી જ વ્યવસ્થા ઘર જેવી જ હતી. છોકરીના પિતાને સમજાતું નહોતું કે નવા વેવાઈને આ બધી ખબર કેમ પડી?

જયારે એમણે દીકરીના સાસરિયામાંથી વિદાય લીધી ત્યારે પૂછ્યા વગર ના રહીશક્યા કે મારે શું ખાવાનું છે ?

શું પીવાનું છે ?મને કેવો ટેસ્ટ પસંદ છે ? આ બધી ખબર તમને કેમ પડી ?

દીકરીના સાસુએ કહ્યું , ‘‘કાલે સાંજે જ તમારી દીકરીનો મારા પર ફોન આવી ગયો હતો. એણે મને કહ્યું કે મારા પપ્પા એમના સ્વભાવ પ્રમાણે કંઈ બોલશે નહી પણ એની તબિયતને ધ્યાને લેતા કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખવાનું છે. તમે મારા પપ્પાને સાચવજો. ‘‘બાપની આંખ ભીની થઇ ગઈ’’. છોકરીના પિતા ઘરે આવ્યો એટલે ડ્રોઈંગરૂમમાં રાખેલા સ્વર્ગવાસી માતાના ફોટા પરથી હાર ઉતારીને નીચે મૂકી દીધો. એના પત્નીએ પૂછ્યું,‘‘કેમ બાના ફોટા પરથી હાર ઉતારી લીધો.’’ આંખમાં આંસુ સાથે પતિએ એની પત્નીને કહ્યું, મને આજે ખબર પડી કે મારુ ધ્યાન રાખનારી મારી માં ગઈ જ નથી. આ જ ઘરમાં હવે એ દીકરીના રૂપે રહે છે. ‘‘જેના ઘરમાં દીકરી હોય એને બે માનો પ્રેમ મળે છે એક જન્મદાત્રી મા અને બીજી દીકરીમાં રહીને બાપને જીવની જેમ સાચવતી મા.’’

દીકરી એ માત્ર દીકરી જ નહી બાપની માં પણ હોય છે

# શ્રી રત્નચિંતામણી પાર્શ્વનાથ શ્વે. મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ દ્વારા શ્રી અજાહરા પાર્શ્વનાથ જીનાલયની ૧૫ મી સાલગીરીની ઉજવણી

શ્રી રત્નચિંતામણી પાર્શ્વનાથ શ્વે. મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ દ્વારા શ્રી અજાહરા પાર્શ્વનાથ જીનાલયની ૧૫ મી સાલગીરીની ઉજવણી પ્રસંગે રવિવાર તા. ૧૯ મે ના ૧૮ અભિષેક બાદ સાધર્મિક ભક્તિ, તા. ૨૦ મે ના પાર્શ્વ પંચકલ્યાણક પૂજા, તા. ૨૧ મે ના પંચકલ્યાણક પૂજા, તા. ૨૨ મે ના મહાવીર પંચકલ્યાણક પૂજા, તા. ૨૩ મે ના આદિજન પંચકલ્યાણક પૂજા, તા. ૨૪ મે ના નવકાર મંત્રના જાપ શ્રી જયંતભાઈ રાહીના સાથી ભરતભાઈ ખીમજીભાઈ શાહ કરાવશે. જેના લાભાર્થી પરિવાર છે માતુશ્રી ધનરેખાબેન દિનેશભાઈ વોરા પરિવાર. શનિવાર તા. ૨૫ મે ના સત્તરભેદી પૂજા આદિ અનુષ્ઠાનો યોજાશે એમ સંઘના પ્રમુખ મનીષભાઈ ડી. વોરાએ અખબારી યાદીમાં જણાવેલ.

## પ્રો.ધિરેન્દ્ર રેલીયાનું લેક્ચર

જાણીતા લેખક અને વકતા પ્રો. ધિરેન્દ્ર રેલીયા (ડાયરેક્ટર, જ્ઞાનભારતી એકેડેમી)ના જીવનનો નવો સુર્યોદય વિષય પ્રવચનનું ગુરૂવાર, તા.૧૬મે ના સ્વામી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ, ચોપાટી ખાતે આયોજન થયેલ.


વોઈસ ઓફ ઘાટકોપર
ફોન : 40229684
9022279684



Available 1, 2, 3 & 4 BHK Residences in Mulund - Kanjurmarg - Vikhroli - Ghatkopar Powai - Chembur with reputed Developers

Starting from 1.15 Cr onwards (All Inclusive)
(Ready to Move In / Under Construction)

Projects with more than 50% open space, Low Density, Good Ventilation & Sunlight, More Privacy



Smart Layouts to Lavish Residences Quality Construction & 40+Amenities Large clubhouse & Swimming pools, Gym, Indoor & Outdoor Games

Proud Affiliations

Godrej Properties, L&T Realty, MICL, Oberoi Realty, Piramal Realty, Shapoorji Pallonji Real Estate, Sheth, Montana, The Wadhwa Group, Arkade Earth, Ashford Royale, Hiranandani, And many more...

For Best Deals Call
Hemal Lathia / Jigish Ranpuria
9967073340 / 9594935784
RERA Registered

વોઈસ ઓફ ઘાટકોપર ૧૭ મે - ૨૩ મે ૨૦૧૬ ૯

# ઘાટકોપરના અનોખા જ્વેલ ગેલેક્સી ગ્રુપ દ્વારા મધર્સ ડે નિમિત્તે એક અદ્ભુત અને અનેરો કન્સેપ્ટ શો યોજાયો



JEWEL GALAXY
EXPERIENCE • EXCLUSIVE • ENTERTAINMENT

EVENT MANAGED BY
PALAASH
Events & Entertainment Co.
A Bunty's Jinal Studio Venture

માઁ
માઁ ન ભૂતો ન ભવિષ્યતે



BHUMI WORLD
INDUSTRIAL PARK
BHIWANDI – THANE













**ઘાટકોપરના** એક અનોખા જ્વેલ ગેલેક્સી ગ્રુપ દ્વારા શનિવાર ૧૧ મેએ મધર્સ ડે-માતૃદિવસની પૂર્વસંધ્યાએ એક અદ્ભુત અને અનેરો કન્સેપ્ટ શો માઁ ન ભૂતો ન ભવિષ્યતેનું ચેમ્બુરના ફાઇન આર્ટ્સ હોલમાં રાતે ૮થી ૧૨ વાગ્યા સુધી આયોજન કરવામાં આવ્યું હતું. આ શો જ્વેલ ગેલેક્સીના સેંકડો સભ્યોએ તેમની માતા સાથે ભાવભીનાં નયનો સાથે માણ્યો હતો. આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે આ શોમાં ગ્રુપના સભ્યોને તેમની માતાઓ સાથે આમંત્રણ આપીને બોલાવવામાં આવ્યા હતા.

જ્વેલ ગેલેક્સીમાં ૫૦ વર્ષ સુધીના લોકોને સભ્ય બનાવવામાં આવે છે. જ્વેલ ગેલેક્સીના જિજ્ઞેશ ખિલાણીનું એક વર્ષ પહેલાં મધર્સ ડેના દિવસે તેમના સભ્યો માટે એક અનોખો અને શાનદાર કાર્યક્રમ યોજવાનું સપનું હતું. આ બાબતે જિજ્ઞેશ ખિલાણી કહે છે, 'આ કાર્યક્રમ હૃદયસ્પર્શી હોવો જોઈએ, જે આજના યુગમાં માતા-પિતાને વૃદ્ધાશ્રમમાં જતાં રોકે. કોઈ સંતાનોએ તેમનાં માતા-પિતાને વૃદ્ધાશ્રમમાં મોકલ્યાં હોય તો આ કાર્યક્રમ માણ્યા બાદ ૧૨ મેએ વૃદ્ધાશ્રમમાંથી તેમનાં માતા-પિતાને પાછાં લઈ આવીને પરિવારમાં તેમને પુનઃ સ્થાન આપીને માન-સન્માન આપે. તેમના આ કન્સેપ્ટના આધારે 'માઁ ન ભૂતો ન ભવિષ્યતે' ગીત-સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉદ્દેશને રજૂ કરતાં પ્રખર વક્તા કાજલ ઓઝા વૈદ્યએ તેમની આગવી શૈલીમાં ફક્ત જન્મ આપનારી માતાને જ નહીં, સાસુ સમાન માતા, ધરતીમાતા, જે માતાઓના પુત્રો દેશની સુરક્ષા માટે શહીદ થતાં અચકાતા નથી એવી માતાઓને મધર્સ ડેએ પૂજવાની, વંદવાની, તેનાં ચરણ ચૂમવાની સલાહ આપી હતી. ચિંતા કરવી એ માનો સ્વભાવ છે, તે ગમે તે વયે પહોંચીને આ સ્વભાવ બદલવાની નથી, પણ સંતાનો તેમના ૨૪ કલાકમાંથી ૨૪ મિનિટ માને આપશે તો માના હૃદયને શાંતિ મળશે. એવી અનેક માના હૃદયની ઝીણી-ઝીણી વાતો તેમણે ઇતિહાસના અનેક મહાનુભાવોની માતાઓનાં ઉદાહરણો આપીને પ્રેક્ષકોનાં હૃદય ભીંજવી દીધાં હતાં.

કાજલ ઓઝા વૈદ્યની આવી હૃદયસ્પર્શી વાતો સાથે ગુજરાતી ગાયકો તુષાર ત્રિવેદી, ચૌલા સોઢા અને અલકા મંદાકિનીએ માની લાક્ષણિકતા, સંતાનો માટેનો પ્રેમ, સંતાનોનાં માતા માટેની લાગણીને સ્પર્શતાં, દેશના શહીદોની માતાને સલામ કરતાં હિન્દી-ગુજરાતી ગીતો રજૂ કરીને પ્રેક્ષકોને સીટ પર જકડી રાખ્યા હતા.

આ કાર્યક્રમ ભૂમિ વર્લ્ડ તરફથી સ્પોન્સર કરવામાં આવ્યો હતો. સહસ્પોન્સર પ્લેન્ક્સ ફિટનેસ, નીલયોગ બિલ્ડર અને ડેવલપર, રોયલ ગ્રુપ અને કચ્છી ડેલી રેસ્ટોરાં રહ્યાં હતાં. આવા અનોખા કાર્યક્રમમાં ગુજરાતી સમાજના ચેરમેન અને ભારતીય જનતા પાર્ટીના સિનિયર કાર્યકર પ્રવીણ છેડા, ગુજરાતી સમાજના અધ્યક્ષ જિતેન્દ્ર મહેતા, જૈન જાગૃતિ સેન્ટરના પદાધિકારીઓ રમેશ મોરબિયા, સુનીલ શાહ, અનિલ દોશી અને ધનજી દેવશી રાષ્ટ્રીય શાળાના ટ્રસ્ટી કાંતિભાઈ ગોસરે હાજરી આપી હતી. જ્વેલ ગેલેક્સી તરફથી આ બધા મહાનુભાવોની સાથે જ્વેલ ગેલેક્સીના બધા જ પદાધિકારીઓની માતાઓનું 'માઁ' લખેલો મેમેન્ટો આપીને બહુમાન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં બધા જ સભ્યોએ જ્વેલ ગેલેક્સી તરફથી આપવામાં આવેલી 'માઁ' નામની પિનને તેમના શર્ટની ડાબી બાજુએ એટલે કે હૃદય પર લગાવી હતી.

### નવાં બે ગ્રુપની સ્થાપના

જ્વેલ ગેલેક્સીમાં ૫૦ વર્ષ સુધીના પરિવારોને અને જ્વેલ સહેલીમાં ૫૦ વર્ષ સુધીની મહિલાઓને મેમ્બર બનાવવામાં આવે છે. જેની સફળતા જોતાં છેલ્લા ઘણા સમયથી મોટી ઉંમરની મહિલાઓની તેમને માટે ગ્રુપ શરૂ કરવાની ડિમાન્ડ હતી, જેને પરિણામે શનિવારે મધર્સ ડેના દિવસે જ્વેલ-પપ અને ૧૩થી ૨૧ વર્ષનાં બાળકો માટે જ્વેલ સ્ટાર-ચૅમ્પિયન્સ ઑફ ટુમોરોની સ્થાપના કરવામાં આવી હતી. આ બન્ને ગ્રુપનું સંચાલન વૈશાલી કારાણી અને નિહારિકા શાહ કરશે.

Co- Sponsors
PLAN X FITNESS
NEELYOG Builders & Developers
ROYALE GROUP
kutchhi deli























# સાપ્તાહિક રાશી ભવિષ્ય

જ્યોતિષ - પ્રકાશ જોષી
મોબાઈલ - ૯૯૬૯૦૪૪૪૮૧ - Email : prakasjoshi@gmail.com

**મેષ (અ,લ,ઈ)** સામુહિક રોકાણવાળી યોજનામાંથી લાભ થાય અથવા રોકાણ થાય. હરીફ વર્ગની નજર તમારી આવક પર વધારે રહેતી જોવાય. ભ્રાતૃવર્ગની આર્થિક માંગણી અંગે આયોજનો કરવા પડે. વ્યાપાર અંગે યાત્રાપ્રવાસના આયોજન કરવા પડે. વ્યાપાર અને ધંધાકીય વ્યવહારો વધારવા માટેના પ્રયત્નોમાં સફળતા મળવા અંગેના માર્ગો મળી રહેતા આશા બંધાય.

